## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હું ગાંધીકથા સાંભળીશ... ગાંધી ભજન ગાઈશ... પણ ભલા માણસ, મને સત્યનાં પ્રયોગ કરવાનું કહેતા નહીં...!!

# ગ્રામસભાઓના આયોજનમાં ઉણપોને લઈ વિકાસ કમિશનરે નારાજગી વ્યક્ત કરી

ગાંધીનગર, તા. ૧

રાજયમાં ગ્રામસભા અભિયાન શરૂ થઈ જવા રહ્યુ છે ત્યારે તેના આયોજનો અંગે વિકાસ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા નારાજગી વ્યક્ત કરવામાં આવી છે.

આ ગ્રામસભા અભિયાનના આયોજનમાં તમામ વિભાગના અધિકારી-કર્મચારી હાજર રહી શકે તે મુજબનુ આયોજન જણાયુ ન હોવાનું પ્રથમ દૃષ્ટિએ જ જણાઈ રહ્યુ હોવાનું અધિક વિકાસ કમિશ્નરશ્રીએ જણાવ્યું હોવાનું બહાર આવવા પામેલ છે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે આ ગ્રામસભા અભિયાનમાં વિલેજ ડેવલપમેન્ટ પ્લાન તેમજ મિશન અંત્યોદય હેઠળ થયેલી કામગીરી વિશેની વિવિધ વિભાગોને સાથે રાખી વાતો કરી અને તૈયાર કરવાનું સરકારે સૂચવ્યુ છે પણ આયોજનમાં આ બાબતે ઘણુ બધુ ખૂટતુ જણાયુ છે.

એક એવી પણ વાત આ બિનસત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળેલ છે કે બંધારણ શિડ્યુલ્ડ ૧૧ મુજબ નિયત થયેલ ૨૯ જેટલા વિષયો સૂચવવામાં આવ્યા છે અને દરેક વિભાગના અધિકારીઓ સાથે સુયોગ્ય સંકલન રાખી આયોજન કરવા માટેની સૂચનાનું સરેઆમ ઉલ્લંઘન થયુ છે.

વિકાસ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા તો આખેઆખુ આયોજન નવેસરથી તૈયાર કરી મોકલી આપવા જણાવવામાં આવ્યુ હોવાની વાતો પણ પંચાયત વિભાગના સૂત્રોમાંથી જાણવા મળી છે.

ગ્રામસભા અભિયાન ૩૧મી ડિસેમ્બર સુધી ચલાવવાનું છે અને દરેક તાલુકામાં રોજની બે જ ગ્રામસભાઓ યોજવાની સ્પષ્ટ સૂચનાઓ પછી પણ તંત્ર દ્વારા જે અવગણના કરવામાં આવી છે તેની ગંભીર નોંધ સરકાર સુધી પડવા પામી હોવાનું સચિવાલયના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.



બોર્ડ-નિગમના અને સરકારી જાહેર સાહસોના કર્મચારીઓને છેલ્લા ૨૦ મહિના થી એરીયર્સની રકમ ન ચુકવાતા સચિવાલય ખાતે બપોરે ૨ થી ૨.૩૦ કલાક દરમિયાન સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શીત કર્યો હતો. આ પ્રસંગે મોટીસંખ્યામાં કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# સિવિલ હોસ્પિટલની લીફટ ખોટકાતા મુલાકાતીઓ ફસાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવેલી નવી બિલ્ડીંગની લીફટ આજે બપોરના અટકવાના બનાવ બને છે.

ગાંધીનગર સિવિલમાં આજે બપોરના સુમારે લીફટ ખોટવાઈ જવાના બનાવથી ભારે દોડધામ થતા અંદર રહેલા નાગરીકોએ હોહા મચાવી દીધી હતી. જયારે તાત્કાલીક ટેકનીશીયનો તેમજ લીફટ મેન દોડી જઈને અંદર રહેલા દર્દીઓ અને મુલાકાતીઓને સહી સલામત બહાર નીકાળ્યા હતા.



સુમારે કેટલાક દર્દીઓ અને મુલાકાતીઓ ફસાયા હતા. લીફટ અચાનક બંધ થઈ જતા લીફટની અંદર રહેલા નાગરીકોના જીવ તાળવે ચોંટ્યા હતા. ત્યારે સિવિલ તંત્ર દ્વારા હાજર કર્મચારીઓ દ્વારા તાત્કાલીક લીફટમાં ફસાયેલા નાગરીકોને હેમખેમ બહાર નીકાળ્યા હતા. ત્યારે સિવિલ લીફટમાં ઓવરલોડનું મ્યુઝીક વાગવા છતા નાગરીકો અવગણના કરીને બેસી જતા લીફટ મચી જવા પામી હતી. જો કે લીફટ અટકાઈ જવાનો આ પ્રથમ કિસ્સો નથી. પરંતુ ઓવરલોડને કે ટેકનીકલ ખામીને પગલે આ પરિસ્થિતિ સર્જાય છે. જેથી અંદર બેસીને અવર જવર કરતા દર્દીઓ તેમજ મુલાકાતીઓના જીવ તાળવે ચોંટી જાય છે. સિવિલના નવા બિલ્ડીંગની ૧૦ નંબરની લીફટ આઠમાં માળેથી નીચે ઉતરતી વખતે અધવચ્ચે આવીને ઉભી રહી ગઈ હતી. લીફટ બંધ

# શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ અમદાવાદ પશ્ચિમ દ્વારા જીવનસાથી પસંદગી મેળો યોજાશે

પંડિત દિનદયાલ ઉપાધ્યાય ઓડીટોરીયમ અમદાવાદ ખાતે શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ અમદાવાદ પશ્ચિમ દ્વારા જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે. આ સંમેલનમાં ભાગ લેવા ઈચ્છુક બ્રાહ્મણ યુવક-યુવતિઓએ ગાંધીનગર ખાતેના પોર્મ રાજય કક્ષાના મંત્રી અશ્વિન ત્રિવેદી, એડવોકેટ, ૨૦૬ સુમન ટાવર, સે-૧૧ ગાંધીનગર ખાતે સવારે ૯ થી ૧૧ તથા સાંજે ૫ થી ૮ મળશે. ફોર્મ ફી રૂ.૭૦૦ રાખવામાં આવી છે. જેમાં બે વ્યકિતના ભોજનપાસ તથા પરિચય પુસ્તિકા આપવામાં આવશે. રસ ધરાવતા યુવક-યુવતિઓએ ફોર્મ ભરવા પ્રમુખ અનિલ દવે તથા મંત્રી સુમીત્ર જાનીનો સંપર્ક કરવો તેમજ ફોર્મ ભરવાની છેલ્લી તા. ૨૫-૧૦-૧૮ સુધી છે તેમ ગુજરાત બ્રહ્મ સમાજના મંત્રી અશ્વિન ત્રિવેદીએ જણાવ્યું છે.



ગાંધી જયંતિના એક દિવસ અગાઉ વિચાર ફાઉન્ડેશન દ્વારા રાજયપાલશ્રી ઓ.પી.કોહલીના હસ્તે “ગાંધી મિત્ર એવોર્ડ્સ-૨૦૧૮” એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રંસંગે ઉપસ્થિત રાજયપાલશ્રી ઓ.પી.કોહલીએ ગાંધી વિચારોને લઈ પરિણામની અપેક્ષા રાખ્યા વિના સફળતા પૂર્વક સમાજમાં પ્રેરણાં પૂરી પાડતા સમાજ સેવકોને બીરદાવ્યા હતા. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સમાજમાં આ પ્રકારના કાર્યક્રમોનું આયોજન એ ભાવી પેઢીને જનહિતના કાર્યો કરવા તરફ પ્રેરશે. એવોર્ડ પ્રાપ્ત કરનાર ત્રણેય ગાંધીમિત્રોને રાજયપાલશ્રીએ સમાજની જાગૃતતાનું જીવતુ જાગતુ ઉદાહરણ ગણાવ્યાં હતા.

# પરાક્રમ પર્વ અન્વયે ભાજપે શહીદ જવાનોના પરિવારોનુ સન્માન કર્યુ

### મહાનગરની કારોબારી બેઠક યોજાઈ : રાહુલ ગાંધીની વિવાદિત ટીપ્પણી વિરૂદ્ધ દેખાવો કરાયા


ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા સર્જીકલ સ્ટ્રાઈક ડે નિમિત્તે શહીદ જવાનોના પરિવારોનુ સન્માન કરવામાં માજી મેયર કાનાજી ઠાકોર તથા પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, મેયર પ્રવિણભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા અને કારોબારીમાં અપેક્ષિત તમામ માધ્યમથી થાય તે બાબત પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકારની જન-ધન યોજના, સૌભાગ્ય યોજના તથા વીમા



આવ્યું હતું. આ ઉપરાંત ભાજપ મહાનગરની કારોબારી બેઠક દરમિયાન સરકાર દ્વારા કરવામાં આવેલા વિકાસ કામોનો છેવાડાના માનવી સુધી પ્રચાર પ્રસાર થાય તેના પર ભાર મુકવામાં આવ્યો હતો. જ્યારે સરદાર વલ્લભભાઈ પટેલ અંગે રાહુલ ગાંધીની વિવાદીત ટીપ્પણી વિષય દેખાવો પણ કરાયા હતા.

મહાનગરની કારોબારી બેઠકમાં પ્રભારી પૃથ્વિરાજભાઈ પટેલ તથા પ્રભારી ટીમના સદસ્ય હોદ્દેદારો, કારોબારી સભ્યો, વોર્ડના પ્રમુખ-મહામંત્રીઓ, મહાનગરના મોરચાના તમામ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આગામી ૨૦૧૯ના ઈલેક્શનના ભાગરૂપે પ્રદેશની કારોબારી પછી તરત જ મહાનગરની કારોબારી યોજાઈ જેમાં ખાસ કરીને બુથ લેવલ સુધી થયેલા કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા થયેલા (વિકાસના) થયેલા કામોનો છેવાડાના માનવી સુધી પ્રચાર અને પ્રસાર સંગઠનના યોજના તથા રાજ્ય સરકારની સેવાસેતુ કેમ્પ, યુવા સ્વાવલંબી યોજના, મા-અમૃતમ યોજના સ્કાય યોજના, ૧૨ ધોરણ પછીના વિદ્યાર્થીઓને ટેબલેટ યોજના વગેરેની સરકારની સામાન્ય માનવીના જીવનમાં મોટો બદલાવ લાવી શકે તે પ્રકારની યોજનાઓનો પ્રચાર-પ્રસાર થાય અને તેનો વધુમાં વધુ લાભ કાર્યકર્તાઓના માધ્યમથી થાય તે પ્રકારે પ્રદેશના આગેવાનો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

દારૂથી આત્માનો વિનાશ થાય છે. દારૂની પાછળ દિવાનાપણું, વ્યભિચાર, જુગાર વગેરે આવે છે. જો આપણે દારૂની બૂરી ટેવમાંથી પ્રજાને છોડાવી શકીએ તો તેને એક જેલમાંથી છોડાવ્યા બરાબર છે. દારૂની માણસને જરાય જરૂર નથી એ જગપ્રસિદ્ધ વાત છે. દારૂડિયાથી સંયમ ન જાળવી શકાય એ કોનાથી અજાણ્યું છે ? એટલે મારી ઉમેદ છે કે વિવેકથી, પશુબળ વાપર્યા સિવાય, સમજણથી ‘દારૂના વ્યસનમાંથી દારૂ પીનારાને છોડાવવાનો પ્રયત્ન દરેક માણસ કરે’

-મહાત્મા ગાંધી


## નશાબંધી અને આબકારી ખાતું, ગુજરાત રાજ્ય

તા.૦૨-૧૦-૨૦૧૮ થી તા.૦૮-૧૦-૨૦૧૮ સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરે છે.

150 YEARS OF CELEBRATING THE MAHATMA

STATUE OF UNITY

### સંદેશો



આપણે પ્રતિવર્ષ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મદિન ૨જી ઓક્ટોબર થી ૮મી ઓક્ટોબર દરમ્યાન સમગ્ર રાજ્યમાં **“નશાબંધી સપ્તાહ”**ની ઉજવણી કરીએ છીએ. આ સપ્તાહ દરમ્યાન નશાબંધી અભિયાનના માધ્યમથી જનજાગૃતિના વિવિધ કાર્યક્રમોનું આયોજન થાય છે.

મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જયંતીની ઉજવણી માટે દેશભરમાં અનેરો ઉત્સાહ દેખાઈ રહ્યો છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત દેશવાસીઓએ સ્વચ્છ ભારત મિશનને સફળ બનાવવાનો સંકલ્પ કર્યો છે.

ગુજરાત સરકાર નશાબંધી નીતિને ચુસ્તપણે વરેલી છે, જેને હું બિરદાવું છું. રાજ્યની નશાબંધી નીતિના અમલથી ગુજરાત રાજ્યે સુખી, સમૃદ્ધ, શાંત અને સુરક્ષિત રાજ્ય તરીકે દેશમાં નામના મેળવી છે.

રાજ્યની ઔદ્યોગિક શાંતિ અને વિકાસ માટે નશાબંધી નીતિના ચુસ્ત અમલનો ફાળો પણ અગત્યનો છે. નશાબંધી નીતિના અમલથી રાજ્ય સરકાર દર વર્ષે કરોડો રૂપિયાની આબકારી આવક જતી કરે છે. નશાબંધીના અમલ માટે રાજ્ય સરકાર મક્કમ અને અડગ છે.

નશાખોર વ્યક્તિ આ કુટેવને સ્વયં તિલાંજલિ આપે તે હેતુથી નશા અને વ્યસનમુક્ત સમાજ બનાવવાના રાજ્ય સરકારના પ્રયાસોમાં સંતો, સમાજ સુધારકો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને સામાજિક કાર્યકરોનું મૂલ્યવાન યોગદાન જરૂરી છે. મદ્યપાન કરતા લોકોની આર્થિક, સામાજિક અને સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ આપણે જાણીએ છીએ. આવી દુર્ભાગ્યપૂર્ણ સ્થિતિમાંથી તેમને અને તેમના પરિવારજનોને બચાવવા આપણે સહિયારા પ્રયત્નો કરવા પડશે.

આવો, આપણે સૌ સાથે મળીને સ્વસ્થ અને વ્યસનમુક્ત સમાજના નિર્માણ માટે રાજ્ય સરકાર દ્વારા ઉજવવામાં આવનાર **“નશાબંધી સપ્તાહ”**ની ઉજવણીમાં સહભાગી બની તેને સાર્થક બનાવીએ.

**ઓ. પી. કોહલી**
**રાજ્યપાલ, ગુજરાત રાજ્ય**



જીવનને આદર્શ તથા સકારાત્મક દિશામાં વેગીલું બનાવવું દરેક વ્યક્તિનો પાયાનો **‘ધર્મ’** છે. હતાશાપૂર્ણ અને નકારાત્મક વાતાવરણથી નશાની કુટેવ રાખી ક્ષણિક મુક્તિ મેળવવા કરતાં કોઈપણ પરિસ્થિતિમાં નશો નહીં જ કરવાનું દૃઢ મનોબળ આપણા નાગરિકો તથા સમાજને પ્રગતિના પંથે લઈ જશે. તમાકુ સેવન તથા દારૂની લત સમાજ તથા વ્યક્તિ બંને માટે અહિતકારી અને બિનઆવશ્યક છે. આ કુટેવોને આત્મનિયંત્રણ થકી સ્વયંને અલગ રાખવું અનિવાર્ય અને આવકાર્ય ગણાય. આથી જ ગુજરાત રાજ્ય દ્વારા નશાબંધીના કાયદાઓનો કડક અમલ કરવામાં આવી રહ્યો છે.

**નશાબંધી અને આબકારી ખાતું** પ્રતિવર્ષ ઓક્ટોબર મહિનામાં **તા.૦૨-૧૦-૨૦૧૮** થી **તા.૦૮-૧૦-૨૦૧૮** દરમિયાન **“નશાબંધી સપ્તાહ”**ની ઉજવણી કરે છે તે જાણી આનંદની લાગણી અનુભવું છું. સમાજમાં કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રયાસો અને સરકારના પગલાં વડે વ્યક્તિ અંગતપણે રસ લઈ નશાબંધીના મહત્ત્વને સમજી સ્વસ્થ-સુખી સમાજનું નિર્માણ કરવામાં યોગદાન આપે. નશાબંધી સપ્તાહની અસરકારક સફળ ઉજવણી માટે શુભેચ્છા પાઠવું છું.

**વિજયભાઈ રૂપાણી**
**મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

જેમના પાયાના સિદ્ધાંતોમાંનો એક સિદ્ધાંત “નશાબંધી” હતો, એવા આપણા રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતીની સમગ્ર દેશમાં ઉજવણી થઈ રહેલ છે ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૦૨-૧૦-૨૦૧૮ થી તા.૦૮-૧૦-૨૦૧૮ દરમિયાન નશાબંધી અને આબકારી ખાતા દ્વારા નશાબંધી સપ્તાહની ઉજવણી થઈ રહેલ છે એ અંગે આપ સૌ સુવિદિત છો જ.

સંપૂર્ણપણે નશાબંધીની નીતિને વરેલું દેશનું સૌપ્રથમ રાજ્ય ગુજરાતમાં રાજ્યના સ્થાપના દિનથી આજપર્યંત ચુસ્તપણે નશાબંધીનો અમલ થઈ રહેલ છે. શરાબ અને માદક દ્રવ્યોનું સેવન સમાજને ખોખલો બનાવે છે એટલું જ નહિ, સુખી સંપન્ન કુટુંબો પણ પાયમાલ થઈ જાય છે. વિકાસના કાર્યક્રમોની સાથે સાથે નશાખોરીની વિનાશકતા નિવારવા અંગેના પગલાં લેવામાં ન આવે તો વિકાસનો સાચો લાભ રાજ્યના અંતિમ છેવાડાના લોકો સુધી પહોંચવો મુશ્કેલ છે. હું ચોક્કસપણે માનું છું કે, ગુજરાતના લાખો કુટુંબોની ખુશહાલી અને રાજ્યના વિકાસનો મૂળભૂત આધાર ગુજરાત રાજ્ય દ્વારા ચુસ્તપણે અમલ કરવામાં આવતી નશાબંધીની નીતિ છે અને આ માટે સંબંધિત કાયદામાં સજાની પણ કડક જોગવાઈ કરવામાં આવી છે. કાળી મજૂરીથી કમાયેલ રૂપિયો સામાજિક બરબાદીમાં વેડફાવાને બદલે કુટુંબની ઉન્નતિમાં વપરાય તે માટે નશાબંધી નીતિના ચુસ્ત અમલ માટે અમારી સરકાર સંપૂર્ણ કટિબદ્ધ છે.

નશાબંધી સપ્તાહની ઉજવણીના આ તબક્કે હું નશાબંધી અને આબકારી ખાતાના મંત્રી તરીકે મારા ખાતાના તમામ અધિકારી-કર્મચારીઓ તેમજ નશાબંધી અંગેની જાગૃતિ માટે કાર્ય કરતી રાજ્યની સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓને અભિનંદન તેમજ નશાબંધી સપ્તાહની સફળતા માટેની શુભેચ્છા પાઠવું છું અને આપના સાથ અને સહકાર તથા સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહિયારા પ્રયત્નોથી ગુજરાતમાં સંપૂર્ણ નશામુક્ત સમાજની રચના કરી મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતીની સાચા અર્થમાં ઉજવણી કરવા રાજ્યના સર્વે નાગરિકોને નમ્ર અપીલ કરું છું.

**પ્રદિપસિંહ જાડેજા**
**ગૃહમંત્રી, ગુજરાત રાજ્ય**